॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૯ | જુલાઇ–ઑગસ્ટ ૧૯૮૮ | અંક ૧


## વાલીઓને,

### (જાહેર) પરીક્ષામાં ચોરીનું દૂષણ

છેલ્લાં કેટલાંક વર્ષોથી પરીક્ષા દરમ્યાન ગાઈડ, ગાઇડના પાનાં, કાપલીઓ જથ્થાબંધ પકડાય છે તેવું સાંભળ્યાં કરીએ છીએ. સામાન્યતઃ આવું દૂરના વિસ્તારો કે જ્યાં પૂરતા નિરીક્ષણની વ્યવસ્થા ન ગોઠવી શકાય ત્યાં બનતું હતું. છેલ્લા એક બે વર્ષથી આ દૂષણ સર્વવ્યાપી બન્યું છે. 'ઉઘાડે છોગ' શું બની રહ્યું છે તેની વાતો કેટલાય વાલીઓની જાણમાં આવતાં પોતાના પાલ્યની કારકિર્દી વિષે સચિંત બને તે સ્વાભાવિક છે. આવી પરિસ્થિતિમાં પણ પોતાના પાલ્યને આવા પ્રલોભનમાં ન પડવાની સાચી સલાહ આપી હોય તેવા અનેક વાલીઓ છે તેનો આનંદ છે પરંતુ આમ લાંબુ ચાલતાં શું થાય તેનો ડર અને ચિંતા છે.

બાળકને પરીક્ષામાં ચોરીની ટેવ ન પડે એ માટે કેટલીક આકરી શિક્ષા અમે કરીએ છીએ તે આ તબકકે હું વાલીઓને જણાવવું જરૂરી સમજુ છું. પરીક્ષામાં ચોરી કરનારને તે વિષયમાં ગુણ આપવામાં આવતા નથી આથી તેનું પૂરૂં વર્ષ બગડે તે સ્વભાવિક છે. આ બાબતમાં કોઈ બાંધછોડ ન કરવાની શાળાની નીતિ છે.

જાહેર પરીક્ષામાં તો આવી ચોરી કરી મેળવેલા ગુણ ઉપરથી ડોકટર કે ઇજનેરી લાઇનમાં વિદ્યાર્થી પ્રવેશ મેળવે તો તેજસ્વી વિદ્યાર્થીને નુકસાન થાય છે પણ આવા નબળા વિદ્યાર્થીઓ ખોટી રીતે પ્રવેશ મેળવતાં તે ક્ષેત્રમાં તાત્કાલિક તેમ જ લાંબા ગાળાનું નુકસાન થાય છે.

આવી જાહેર પરીક્ષા જિલ્લા જેવા નાના એકમોએ લઈ મેડિકલ, એન્જિનીયરીંગ જેવા પ્રવેશ માટે "એન્ટ્રન્સ પરીક્ષા" જેવા ઉપાયો યોજવાં એ ખૂબ જ આવશ્યક બની ગયું છે. વર્ષોવર્ષ અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ આવા ક્ષેત્રોમાં જતાં અટકે છે, અને બિનલાયક અનેક વિદ્યાર્થીઓ આ ક્ષેત્રમાં દાખલ થાય એ વ્યવસ્થા જેટલી વહેલી અટકે તેટલું દેશનું ભાવિ ઊજળું છે સમાજમાંથી આવો આગ્રહ ઊભો થાય તે જરૂરી છે.

દિનુભાઇના વંદન

### પ્રકૃતિના ખોળે

(કર્ણાટકનાં ચિકમાગલૂર પાસે આવેલા ભદ્રા મુકામે, વર્લ્ડ વાઇડ ફંડ દ્વારા યોજાએલા કેમ્પમાં શ્રી વશરામભાઇ બારડની રાહબરી નીચે સોળ વિદ્યાર્થીઓએ આ કેમ્પનો લાભ મે વેકેશનમાં લીધો. તે કેમ્પની વિગત આપતાં આનંદ થાય છે.

—દિનુભાઈ

ઘડિયાળનાં કાંટે ચાલતી જિંદગી અને એ જ રીતે સરતો સમાજ એક ચોક્કસ ઘરેડમાં આવી ગયો છે, અને એમ જ જીવ્યે જાય છે. દિવસોના વહેવાને એ સમાજ જીવન કહે છે. જીંદગીના આ ચીલેથી ચાતરીને કુદરતના ખોળે આળોટવું એ સંભારણું બની રહે છે આપણી જીંદગીનું.

'વર્લ્ડ વાઈડ ફંડ' દર વર્ષે પ્રકૃતિની ગોદમાં વિવિધ સ્થળે કેટલાંક કેમ્પો યોજે છે. આવો એક કેમ્પ આ વર્ષે કર્ણાટકમાં પશ્ચિમઘાટના લીલાછમ જંગલોમાં યોજાયો હતો. ચિકમાગલૂર જીલ્લાનો ભદ્રા વિસ્તાર હાથીઓ માટે અભયારણ્ય જાહેર કરેલો છે. આ જંગલની મધ્યમાં અમારું એક સપ્તાહનું રોકાણ જીવનના ચિત્રપટ પર સપ્તરંગી આભા રચે છે.

જંગલમાં બનાવેલાં તંબુઓમાં અમે રહેતાં. વાંસ અને સાગના વૃક્ષોનો મર્મર ધ્વનિ, બાજુમાં જ વહેતાં ઝરણાંનો કલકલ નિનાદ અને જંગલમાં ભ્રમણ અમારા આનંદની અવધિરૂપ બની રહેતાં. દેશના વિવિધ ભાગોમાંથી આવેલા અમારા જેવા જૂથનાં સભ્યો સાથેનો સહવાસ કાયમી મૈત્રીનું નઝરાણું બક્ષી ગયો, તો અમારા જ જૂથના સભ્યો સાથેની આત્મીયતા જીંદગીમાં કયારે ય ન ભૂલાય તેવી બની રહી.

કેમ્પ પૂરો થયાં પછી બેંગલોર, ઉટી, મૈસૂર, મદ્રાસ અને પોંડિચેરી જેવા સ્થળોનો પ્રવાસ કર્યો

આ પ્રવાસ દરમ્યાન આનંદ સાથે કેટલીક અગવડોનો પણ અનુભવ થયો. આ અગવડોમાંથી ય અમે ઘણું શીખ્યા. અમે અગવડની પરિસ્થિતિમાં પણ આનંદ માણ્યો. નિર્ભેળ આનંદથી મિત્રો સાથે ગાળેલાં આ દિવસો કયારેય ભૂલાય ખરાં !

## વીર વિનોદ કિનારીવાળા

આપણો દેશ અત્યારે તો આઝાદ છે પણ તે આઝાદી મેળવવા માટે ખુદીરામ બોઝ, બરિન્દ્ર ઘોષ, પ્રફુલ ચાકી, સુખદેવ જેવા લાખો જુવાનોએ બલિદાન આપ્યા છે; જેમાં આપણા ગુજરાતના વીર વિનોદ કિનારીવાળાને કેમ ભૂલાય!

વિનોદ કિનારીવાળા ગુજરાત કોલેજનાં વિદ્યાર્થી હતાં. આખો દેશ જયારે સ્વાતંત્ર્ય માટેની લડતની જવાળામાં લપેટાઈ ગયો હતો ત્યારે ગુજરાતનાં અને તેમાંય અમદાવાદનાં વિદ્યાર્થીઓ બાકી રહે ખરા! ગુજરાત કોલેજનાં વિદ્યાર્થીઓ પણ આ અહિંસક આંદોલનમાં જોડાઈ ગયા હતાં. તેઓએ ગુજરાત કોલેજ ઉપર આપણા રાષ્ટ્રનો ત્રિરંગો ઝંડો ફરકાવવાનું નક્કી કર્યું હતું, જ્યારે એ સમયનાં અંગ્રેજ રાજ્યની પોલીસ તેમ ન કરવા દેવા કૃતનિશ્ચયી બની ચૂકી હતી, પરિણામે લાઠીમારથી અનેક વિદ્યાર્થીઓ ઘવાયા, તે એટલે સુધી કે પોલીસોની લાઠીઓ વિદ્યાર્થીઓનાં રક્તથી ખરડાઇ ચૂકી હતી, અને છતાં વિદ્યાર્થીઓ અણનમ યોદ્ધાની જેમ ત્યાંથી ખસ્યા નહી. કોલેજના અધ્યાપકો અને આચાર્ય પણ આ નવલોહિયા જુવાનોને તેમની જાનની રક્ષા કાજે સમજાવવા માટે અસમર્થ નિવડયાં અને એ રિવોલ્વોરધારી અમલદારની સામે શસ્ત્રવિહિન અહિંસક નવલોહિયા યુવાનોનું ગજુ શુ? હવામાં એક ગોળી છૂટી અને નાસભાગ શરૂ થઇ, જાનની રક્ષા અને સ્વરક્ષણ એ તો માણસનો સાહજિક સ્વભાવ છે ને!

પરંતુ આવા વાતાવરણમાં પણ વિનોદ કિનારીવાળા ઝંડો લઇ આગળ ધપી રહ્યો હતો. પોલીસે ઝંડો ઝૂંટવી લેવા પ્રયત્ન કર્યો પણ હસતે મોંએ મોતને ભેટવાની હિંમત ધરાવતા વિનોદે ઝંડો ન મૂકયો, તેનાં હૈયામાં એક જ રટણ હતું, "આ ત્રિરંગી ઝંડાની શાન નહીં જવા દઉં, ભલે મારો પ્રાણ જાય" માર અને પ્રાણની પરવા કર્યા વીના વિનોદ સુત્રો પોકાર્યે જતો હતો, મરવાનું તો છે જ પણ મા ભોમની આઝાદી કાજે ખપી જઈ બલિદાન શા માટે ના આપવું!

" જલી જતી છો ને જીવન-ધૂપસળી
મહેંકતી મહેંકતી આ"

અંગ્રેજી અમલદાર ધૂંઆપૂંઆ થઇ ગયો ને એક સૂત્ર પોકારતાં જ તેની છાતીમાં ગોળી સોંસરવી ઊતરી ગઈ. વિનોદ કિનારીવાળા મા-ભોમની આઝાદી માટે શહીદ થઇ ચિર નિંદ્રામા પોઢી ગયા. ગુજરાતના નામને રોશન કરનાર વીર િનારીવાળાને અમારા કોટિ વંદન

સારીકા પી. ગાંધી
૭ अ

## કવિશ્રી ઝવેરચંદ મેઘાણી

"નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે."

રૂંવાડાં ખડા કરી દે અને ધગધગતી દેશદાઝ જેમાં વ્યક્ત થતી હોય તેવી આ પંક્તિઓ ઝવેરચંદ મેઘાણી સિવાય કોણ લખે? ભરી કોર્ટમાં પોતાના બચાવને વખતે પણ બુલંદ કંઠે દેશપ્રેમથી ભરેલું ગીત લલકારનારા એ કવિને ગુજરાત શી રીતે ભૂલી શકે? એમનાં કાવ્યો એટલે જોમ અને જુસ્સાથી ભરેલાં કાવ્યો.

સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીનો જન્મ બગસરામાં થયો હતો; તેમનાં માતાનું નામ ધોળીબાઈ અને પિતાનું નામ કાલીદાસભાઇ હતું. તેમણે અંગ્રેજી અને સંસ્કૃત વિષયો સાથે બી એ. પાસ કર્યું. ત્યાર પછી એક કારખાનામાં જોડાયાં પણ સાહિત્યનો જીવ, અનેક ઊર્મિઓથી છલકાતો એ જીવ નિર્જીવ સાચાંઓ વચ્ચે ગૂંગળાવા માંડયો, તેઓ સૌરાષ્ટ્ર સાપ્તાહિકમાં જોડાયા, તેમણે લોકસાહિત્ય ઉપર સંશોધન શરૂ કર્યું. સૌરાષ્ટ્રના ગામડાંઓ ખૂંદી અનેક ગ્રામવાસીઓને મળી પાળિયે પાળિયા તપાસી તેની પાછળનો ઇતિહાસ ભેગો કર્યો અને સૌરાષ્ટ્રની તળપદી ભાષામાં 'સૌરાષ્ટ્રની રસધાર' રૂપે એ રજૂ કર્યો, અને ત્યારે જ સૌરાષ્ટ્રની ઉદારતા ખાનદાની જોમ અને જુસ્સાનો ખ્યાલ લોકોને આવ્યો, તેમનાં ગીતોમાં કયાંક દેશદાઝનો ધગધગતો લાવા તો કયાંક હાલરડાં ગાતી માતાનાં અંતરના અમી, કયાંક કવિ હૃદયની કલ્પના તો કયાંક કોઈના લાડકવાયાની શહીદીનાં ભાવભર્યા ગાન અને કરૂણતા જોવા મળે છે. અને કયારે ક તો આપણને આશ્ચર્ય થાય છે કે ખરેખર આ એક જ માનવીની ભાવ સમૃદ્ધ છે!

ગુજરાતનાં લોકજીવનને કસુંબલ રંગથી રંગી દેનાર આવા કવિશ્રી ઝવેરચંદ મેઘાણીને એમની જ પંક્તિઓથી અંજલી અર્પણ કરીએ....

"કવિઓના લાડકડા મલયાનિલ મંદમંદ!
રહેજે ચંદનની ગોદ સૂતી...."

ખુશ્બુ શાહ ધો. ૭



# એક સમસ્યા

શાળા છૂટયે લગભગ ચાલીસેક મિનિટ વીતી હશે ત્યાં પૂજા ધ્રુસકે ધ્રુસકે રડતી ઑફિસ પાસે આવી. ઑફિસ બંધ કરાઇ રહી હતી નસીબ સંજોગે હજી બધાં આલ્યા ગયાં ન હતાં.

પૂજાને પૂછયું, "શું થયું બેટા? આટલી બધી રડે છે કેમ?

"મને રીક્ષાવાળો લેવા આવ્યો જ નથી, હવે હું શું કરીશ?" કહેતી તે ફરી ડુસકા ભરવા માંડી.

"તારો ટેલીફોન નંબર શું છે? તું રડીશ નહી, હમણાં ફોન કરી તારા વાલીને આપણે બોલાવીએ," પણ પૂજાને તેનો ટેલીફોન નંબર પણ ખબર ન હતી, કદાચ એકલી રહી જવાનાં ગભરાટમાં એ વિસ્મૃતિ થઈ ગઈ હોય તેવું પણ બને, અને વિચાર્યું એને કોઇની સાથે ઘેર મોકલી આપીએ, અને એટલે એનું સરનામું પૂછયું તો તેને તેનું સરનામું પણ ખબર ન હતી. શાળા છૂટયાં પછી ટેલીફોન નંબર કે સરનામું મેળવવું એ અમારે માટે ઘણું મુશ્કેલ બની જાય છે. અને ત્યારે 'આવા બાળકને ઘેર પહોંચાડવું કેવી રીતે?' એ અમારે માટે એક સમસ્યા બની જાય છે.

'મારું બાળક સારી શાળામાં ભણે' એ ઇચ્છા દરેક માતાપિતાને હોય એ સ્વભાવિક છે પણ એ સારી શાળા જયારે દૂરની પસંદ કરવામાં આવે ત્યારે એની પાછળ અનેક પ્રશ્નો ઊભા થાય છે ને તેમાંય સૌથી મોટો પ્રશ્ન હોય છે બાળકને સમયસર શાળાએ પહોંચાડવાનો અને બાળકને સમયસર શાળાએથી પાછા લાવવાનો. બાળકો શાળાએ આવવામાં તો લગભગ સમય સાચવી જ શકે છે પરંતું પાછાં લઈ જવાની જવાબદારી જ્યારે માણસોને સોંપાય છે. ત્યારે એ વ્યવસ્થિત રીતે પાર પડાતી નથી એવો અનુભવ થાય છે. આવા પ્રસંગે ઘેર રાહ જોતી માનો જીવ તો મૂંઝાતો હશે જ પણ શાળામાં બાળક પણ મૂંઝાઈ જાય છે, ને તેની વ્યવસ્થા એ પણ એક મોટી સમસ્યા બની જાય છે, અને એટલે જ દૂરની શાળા પસંદ ન કરીએ એ ઉત્તમ, ને છતાં પણ દૂરની શાળા પસંદ કરીએ તો બાળક ને સમયસર લાવવા લઈ જવાની જવાબદારી, જવાબદારી પૂર્વક અદા કરે તેને જ સોંપાય કે વાલી પોતે સ્વીકારે તે ઇચ્છનીય છે.

ઊર્મિલા શાહ

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૨૫-૬-૮૮ને શનિવારના રોજ તાલીમ વિભાગના બાળકોનો વાસણા ડેમનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. બાળકોએ કુતૂહલતાપુર્વક પાણી બંધ કરવાના દરવાજા, પાણી છોડીએ ત્યારે કઈ સપાટીએ પહોંચે છે વગેરે માહિતી મેળવી. બાગમાં હીંચકા, ચકડોળ, ચિચૂડો વગેરેની મજા તો માણી પણ સાથે સાથે લૉનમાં ગુલાંટો ખાવામાં બાળકોને ખૂબ આનંદ પડયો હતો. ત્યાર બાદ નાસ્તો કરીને શાળાએ પાછા ફર્યા.

બાલમંદિરના વાલીવર્ગને ખાસ વિનંતી કરવામાં આવે છે કે વર્ગ શિક્ષક ને મળતા પહેલા ઑફિસમાં સંપર્ક સાધવો. સીધા વર્ગમાં જવાથી વર્ગ સંચાલનમાં ખલેલ પહોંચે છે. આશા છે કે આપ આ બાબતમાં પૂરો સહકાર આપશો.

## શિશુમંદિર

તા. ૧૨-૭-૮૮ના રોજ થયેલ ચૂંટણીમાં ધો. ૧ થી ૪ નાં વિદ્યાર્થી ભાઇબહેનોમાંથી નીચે પ્રમાણે ભાઇબહેનો ચૂંટાયેલા જાહેર થયાં છે.

| | | | |
|---|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | રાજા નંદિત | (૪ अ) |
| | ઉપમંત્રી | દલાલ ગુંજન | (૪ ब) |
| બહેનો | મહામંત્રી | દેસાઈ અંતરા | (૪ क) |
| | ઉપમંત્રી | વકીલ ઉષ્મા | (૪ ब) |

ધોરણ ૫ થી ૭ ની ચૂંટણી તારીખ ૨-૭-૮૮નાં રોજ થઇ જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઇબહેનો ચૂંટાયેલા જાહેર થયાં છે.

| | | | |
|---|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | વ્યાસ ભાવિક | (૭ क) |
| | ઉપમંત્રી | પટેલ સપ્તક | (૭ ब) |
| બહેનો | મહામંત્રી | શાહ ખુશ્બુ | (૭ क) |
| | ઉપમંત્રી | ગાંધી સારિકા | (૭ अ) |

સંસ્થામાં ચાલતી ઇતર પ્રવૃત્તિઓને અનુલક્ષીને આંતરગૃહ નેતા અને ઉપનેતાઓની નીચે પ્રમાણે પસંદગી કરવામાં આવી છે.

| | | | | |
|---|---|---|---|---|
| ગંગોત્રી | ભાઇઓ | ગૃહનેતા | પંડયા અરૂપ | (૭ अ) |
| | | ઉપનેતા | તેજાણી મૌલિક | (૭ क) |
| | બહેનો | ગૃહનેતા | શાહ કાજલ | (૭ ब) |
| | | ઉપનેતા | પટેલ મેઘના | (૭ ब) |
| રત્નદીપ | ભાઇઓ | ગૃહનેતા | શાહ રિકિન | (૭ अ) |
| | | ઉપનેતા | પાછીયા મૌલિક | (૭ अ) |
| | બહેનો | ગૃહનેતા | શાહ મિતિ | (૭ क) |
| | | ઉપનેતા | વ્યાસ કૃતિ | (૭ क) |
| મેઘનાદ | ભાઇઓ | ગૃહનેતા | શાહ અંકિત | (૭ ब) |
| | | ઉપનેતા | ઠક્કર આશિષ | (૭ क) |
| | બહેનો | ગૃહનેતા | ગોદાની હિરલ | (૭ अ) |
| | | ઉપનેતા | પટેલ રચના | (૭ क) |

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ ભાઈઓ | ગૃહનેતા | ત્રિવેદી ચંદ્રશેખર | (૭ अ) |
| | ઉપનેતા | દવે રૂચિર | (૭ अ) |
| બહેનો | ગૃહનેતા | ચોકસી અંકિતા | (૭ अ) |
| | ઉપનેતા | બુચ કાનન | (૭ अ) |

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન

**વક્તવ્ય :-** ૧૮-૬-૮૮ પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રેરણામૂર્તિ વીરાંગના મહારાણી લક્ષ્મીબાઈની પુણ્યતિથિ પ્રસંગે.

૨૩-૭-૮૮ લોકમાન્ય ટિળકનાં જન્મદિન પ્રસંગે

૨૮-૭-૮૮ ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની પુણ્યતિથિ પ્રસંગે વિદ્યાર્થીઓએ સુંદર વક્તવ્યો રજૂ થયાં

**ઉત્સવ :-** તા. ૨૯-૭-૮૮નાં રોજ ગૌરીવ્રતની ઉજવણી નિમિત્તે રાસ, ગરબા અને નૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો, જેમાં રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ બહેનોએ જાતે જ શાળામાં વાવેલા જવારા લઈ ગરબા અને નૃત્યનો આનંદ માણ્યો.

**અભિનંદન :-**

**સ્કેટીંગ :-** કુ. **કલગી શાહ** ને અમદાવાદ ડિસ્ટ્રીકટ રોલર સ્કેટીંગ તરફથી બીજુ ઇનામ મેળવવા બદલ ધન્યવાદ.

એલીસબ્રીજ જીમખાના તરફથી યોજાયેલ સ્કેટીંગ હરીફાઈમાં અનુજ રાજુભાઇ શાહ [૪ क] ને ત્રીજા આવવા બદલ અને અંકુર રાજુભાઇ શાહ [૬ क] ને દ્વિતીય આવવા બદલ અભિનંદન.

**સ્વીમિંગ :-** રાજપથ કલબમાં યોજાયેલ તરણસ્પર્ધામાં પ્રથમ આવવા માટે ચિ. અંકુર રાજુભાઈ શાહ [૬ क] ને અભિનંદન. તેઓ સ્પોર્ટસ કલબમાં પણ પ્રથમ આવ્યા છે. તથા ગુજરાત રાજ્ય તરણ સ્પર્ધામાં ચોથા આવેલ છે.

ગુજરાત રાજ્ય એકવેટિક એસોશિયેશન તરફથી યોજાયેલ તરણ સ્પર્ધામાં આમ્પી પટેલ ને જુદા જુદા ત્રણ ઇનામો મેળવવા બદલ અભિનંદન.

**સાયકલ સ્પર્ધા :-** વેન્ચર્સ કલબ તરફથી યોજાયેલ સાયકલ સ્પર્ધામાં ચિ. પ્રિયમ સુનીલભાઈ શાહને ૬ વર્ષની ઊંમરે અમદાવાદથી ગાંધીનગર ૪૦ કિ. મી. ની સ્પર્ધામાં બાળવિભાગમાં પ્રથમ આવવા બદલ અભિનંદન.

**ચેસ :-** ચિ. ઝીલ મહેતાને 'ઓલ ઇન્ડીયા ચેસ ફેડરેશન તરફથી અને' નેશનલ બૉયઝ એન્ડ ગર્લ્સ' ચેસ ચેમ્પીયનશીપમાં જ્વલંત સિદ્ધિ બદલ અભિનંદન

**ચિત્ર :-** અંધજન મંડળ તરફથી યોજાયેલ ચિત્રસ્પર્ધામાં ચિ. અર્પી સ્નેહલભાઇ શાહને પ્રમાણપત્ર, રાજપથ કલબ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ. દ્યુતિ મહેતાને દ્વિતીય આવવા બદલ, અને કેમલ કલર્સ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ નિયતિ વૈદ્યને અભિનંદન.

## વિનયમંદિર

ચાલુ સાલે ૧૯૮૮માં ધો. ૧૨ H S. C. ના વિજ્ઞાનપ્રવાહમાં ૯૧% પરિણામ આવ્યું છે.

બોર્ડમાં ક્રમ નીચે પ્રમાણે છે.

નમ્રતા પટેલ બોર્ડમાં પાંચમાં

અમદાવાદ કેન્દ્રમાં નમ્રતા પટેલ પહેલા. શરદ પરમાર ચોથા, ભરત રાવલ છઠ્ઠા, નેહા બાવીસી આઠમા

વાણિજ્ય પ્રવાહમાં ૯૭% પરિણામ

| | બોર્ડમાં | કેન્દ્રમાં |
|---|---|---|
| શ્રદ્ધા ચોકસી | ચોથા | ચોથા |
| બિરેન ફોજદાર | પાંચમાં | પાંચમાં |
| આશિષ કોન્ટ્રકટર | દસમાં | આઠમાં |

એસ. એસ. સી. નું પરિણામ ૯૯%

શાહ સેજલ દિલીપકુમાર કેન્દ્રમાં ૬ઠું, બોર્ડમાં દસમું સ્થાન મેળવે છે

સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

ધો. ૮, ૯, વિનયમંદિર મહામંત્રીની ચૂંટણી તા. ૯-૭-૮૮ને શનિવારે થઇ જેનું પરિણામ નીચે પ્રમાણે છે

| | | | |
|---|---|---|---|
| મહામંત્રીની | ભાઈઓ | શૈશવ શાહ | (૯ क) |
| | બહેનો | રાધી ધૂળધોયા | (૯ अ) |
| ઉપમંત્રી | ભાઈઓ | આનલ શાહ | (૯ ब) |
| | બહેનો | પ્રિયા અધ્વર્યુ | (૯ ब) |

બુધવાર, ૧૩-૭-૮૮ના રોજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી કાદરીનું વક્તવ્ય રાખવામાં આવ્યું હતું, તેમણે ગુનેગારોને શોધવામાં પડતી તકલીફોની સુંદર માહિતી આપી હતી

આંતરગૃહ નેતા અને ઉપનેતાઓની નિમણૂંક નીચે પ્રમાણે કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | ભાઇઓ | નેતા | અવાશિયા કશ્યપ |
| | | ઉપનેતા | શુકલ સત્યેન |
| | બહેનો | નેતા | શુકલ અભિજ્ઞા |
| | | ઉપનેતા | શાહ રૂચિ |
| **ચંદ્રમૌલી** | ભાઈઓ | નેતા | સંઘવી કમલ |
| | | ઉપનેતા | પટેલ રૂચિર |
| | બહેનો | નેતા | શાહ દેવલ |
| | | ઉપનેતા | પટેલ વૈશાલી |
| ગીતગોવિંદ | ભાઈઓ | નેતા | શાહ અમર |
| | | ઉપનેતા | પરીખ દેવાંગ |
| | બહેનો | નેતા | દાણી શેફાલી |
| | | ઉપનેતા | ગાંધી એવના |
| પદ્મપુકુર | ભાઇઓ | નેતા | દોશી પુનિત |
| | | ઉપનેતા | શાહ સપન |
| | બહેનો | નેતા | મહેતા કોમલ |
| | | ઉપનેતા | ઝૂમખાવાલા તોરલ |

સૌ ભાઇબહેનોને અભિનંદન.

તંત્રી મુદ્રક, પ્રકાશક : દિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭.